# પ્રધાનમંત્રી બનાસડેરી એ-ટુ મિલ્ક પ્લાન્ટનું ૧૦મીએ લોકાર્પણ કરશે



## બનાસડેરી દ્વારા ૩૫૦ કરોડના ખર્ચે બનેલા ચીઝ પ્લાંન્ટનું કરશે લોકાર્પણ પ્રધાનમંત્રીના ડ્રિમ પ્રોજેક્ટ એવા 'હની પ્રોજેક્ટ'નો શુભારંભ કરાશે

પાલનપુર, તા.૨

આગામી ૧૦ ડિસેમ્બરના રોજ ભારતના પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે આવી રહયા છે ત્યારે બનાસકાંઠામાં મહાસભાની તૈયારીઓમાં સમગ્ર વહીવટી તંત્ર દોડતું થયું છે. તો બીજી તરફ બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસડેરી ના પ્લાન્ટ સહીત કેટલાક મહત્વના પ્રોજેક્ટોનું પણ લોકાર્પણ પ્રધાનમંત્રીના હસ્તે થનાર છે. આગામી ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવી રહયા છે ત્યારે બનાસકાંઠાના ડીસામાં મહાસભા યોજાનાર છે. સાથોસાથ બનાસડેરી એ-ટુ મિલ્ક પ્લાન્ટને લોન્ચ કરવાની પૂર્ણ તૈયારી થઈ ચુકી છે. જો કે ભારતમાં એ-ટૂ મિલ્કને માઈન્ડ ટોનિક દૂધ તરીકે ઓળખવામાં આવે છે તેમજ આ પ્રકારનો પ્લાન્ટ અમુલના સહયોગથી પ્રથમ વખત તેની સ્થાપના કરાઈ છે જેનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થનાર છે તેમજ બનાસડેરી દ્વારા ૩૫૦ કરોડના ખર્ચે બનેલા ચીઝ પ્લાન્ટનું પણ પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે.

ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન તેમજ ઉત્તર ગુજરાતમાંજ જન્મભૂમિ ધરાવતા નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી બન્યા બાદ પહેલીવાર ૧૦મીએ બનાસકાંઠા આવી રહ્યા છે ત્યારે હાલમાં સમગ્ર જિલ્લાના વહીવટી તંત્ર સહીત સહકારી અને સરકારી વિભાગ તૈયારીઓમાં વ્યસ્ત બન્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં સહીત કેટલાક મહત્વના પ્રોજેકટોનું પણ લોકાર્પણ પ્રધાનમંત્રીના હસ્તે કરવામાં આવનાર છે. એક સમયે પ્રધાનમંત્રીનો ડ્રિમ પ્રોજેક્ટ એવા હની પ્રજેકટ પણ સામેલ છે જેમાં બનાસડેરી સમગ્ર એશિયામાં દૂધમાં નામના મેળવ્યા બાદ સ્થાનિક સભાસદો માટે હની પ્રોજેક્ટ નુંપણ પ્રધાન મંત્રી લોકાર્પણ કરનાર છે. તેમજ જિલ્લાને વિકાસલક્ષી યોજનાઓનો વેગ મળે તેવા અન્ય પ્રોજકટોનું લોકાર્પણ કરનાર છે જેના પગલે જિલ્લાના રાજકીય તેમજ સહકારી વિભાગ અત્યાર થી જ કામે લાગ્યો છે. એક તરફ ઉત્તર ગુજરાતને ઉત્તમ ગુજરાત નેમ રજુ કરી ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન તેમજ વર્તમાન પ્રધાનમંત્રી આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોને કેટલો અને કેવો ફાયદો થશે એ તો સમય જ બતાવશે.

# માણસાના વિજયનગર ગામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમો યોજાયા

પ્રાંતિજ, તા.૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાનાં વિજયનગર ગામે આવેલ રામજી મંદિર ખાતે ભારતીય માનક બ્યુરો અમદાવાદ અને ગ્રાહક સુરક્ષા મંડળ પ્રાંતિજના સંયુકત પણે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

વિજયનગરના રામમંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ભારતીય માનક બ્યુરો અમદાવાદના ડેપ્યુટી ડાયરેકટર મનોજ ચૌહાણે ઉપસ્થિત રહી હોલમાર્ક અને આઈએસઆઈ માર્કો શું છે અને માર્કાવાળી જ વસ્તુ ઓ શા માટે ખરીદવી તેના વિશે વિસ્તૃત માહિતીઓ સમજાવી હતી અને હોલમાર્ક અને ગુણવત્તાનું પ્રતિક છે સોનાના ઘરેણાં હોલમાર્કીંગ વાળા જ ખરીદવા અને હોલમાર્ક એ સોનીની સાચી પરખ છે તેમ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં જે. સરપંચ રમેશભાઈ પટેલ, ડેરીના પ્રમુખ રણછોડભાઈ પટેલ, શાળાનાં આચાર્ય શાળા સ્ટાફ ગામનાં અગ્રણીઓ ગામજનો મહિલાઓની વિશેષ ઉપસ્થિત જોવાં મળી હતી જયારે ગ્રાહક હિત સુરક્ષા મંડળ કામગીરીની વિસ્તૃત માહિતી અને ગ્રાહક સુરક્ષા કાયદાની વિસ્તૃત માહિતી પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા વિસ્તાર પુર્વક સમજુતી આપવામાં આવી હતી. જયારે કાર્યક્રમનું સફળ સંચાલન સચિનભાઈ પટેલ, જીગ્નેશભાઈ, તુષારભાઈ, કમલેશભાઈ અને રાજનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં એસ. ટી. બસ-સ્ટેન્ડો પર પીઓએસ મશીનો લગાવાયા

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાના હસ્તે પ્રારંભ

મહેસાણા, તા.૨

રાજય સરકારે સરકારી સેવાઓ કેશલેસ થાય તેની કવાયત હાથ ધરી છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લાના એસ.ટી.સ્ટેન્ડોમાં ઓનલાઈન બુકીંગ માટે પીઓએસ મશીન લગાવવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજા દ્વારા મહેસાણા જુના બસસ્ટેન્ડ પર પીઓએસ મશીન શરૂ કરાયું હતું.

મહેસાણા જિલ્લામાં વિસનગર, વડનગર, ખેરાલું, ઉંઝા, હારીજ, કડી અને મહેસાણામાં ઓનલાઈન બુકીંગ માટે કેશલેસ સુવિધા શરૂ કરાઈ છે. પી.ઓ.એસ મશીન દ્વારા ડેબીટ કે ક્રેડીટ કાર્ડ સ્વીપ કરી ઓનલાઈન બુકીંગ એસ.ટી સ્ટેન્ડ પર કરાવી શકાશે. આ ઉપરાંત ટુંક સમયમાં વિદ્યાર્થી પાસ, મુસાફર પાસ સહિતની વિવિધ પાસ માટે પણ આ પ્રકારની સુવિધા શરૂ થવાની છે. જિલ્લામાં ઈલેક્ટ્રોનિક બુકીંગ ટીકીટીંગ મશીનોમાં પણ સમયાંતરે કેશલેસ સુવિધા કરવા તરફ પ્રયાસો થઈ રહ્યા છે.

મહેસાણા જિલ્લામાં એસ.ટી તરફથી ૫૧૦ જેટલી ટ્રીપો લાંબા રૂટની છે. જિલ્લામાં લેસ-કેસની સમસ્યા નિવારણ માટે એસટી વિભાગ દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. ઓનલાઈન બુકીંગ પીઓએસ મશીનને નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાના હસ્તે ખુલ્લું મુકાયું હતું. આ પ્રસંગે વિભાગીય નિયામક એન.કે.પટેલ, ડી.ટીઓ વિનુભાઈ ચૌધરી સહિત એસ.ટીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## જોરાપુરા ગામમાં જાગૃત યુવાન દ્વારા સફાઈ અભિયાન

દાંતીવાડા તાલુકામાં જોરાપુરા ( લોડપા ) ગામ આવેલું છે જે ગામના જાગૃત યુવાન રાજપૂત ધૂડસિંહ અવારનવાર ગામને ઉપયોગી અને ગામને મદદ થાય તેવા કામો કરી લોકસેવા એજ પ્રભુ એવા એવું માને છે ત્યારે આજરોજ જોરાપુરા ( લોડપા ) ગામમાં હનુમાન મંદિરની આસપાસ ની ગંદકી દૂર કરવા ગામના યુવાનોને ભેગા કરી પોતાની આગેવાની હેઠળ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું જેમાં અંદાજિત ૨૦ થી ૨૫ યુવાનો ભેગા મળી મંદિરની આસપાસની ગંદકી દૂર કરી એક અલગ જ પ્રકારની ખુશી અનુભવી હતી અને ગ્રામજનો દ્વારા રાજપૂત ધૂડસિંહનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મેઘરજ તાલુકાના વૈડી ડેમની કેનાલમાં ગાબડું પડતાં અસંખ્ય ખેતરોમાં પાણી ભરાયાં



મેઘરજ, તા.૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગાંઢા ગામ નજીક આવેલ વેડી ડેમની કેનાલમાં ગાબડુ પડતાં અસંખ્ય ખેતરોમાં કેનાલના પાણી ફરી વળતાં ખેડુતોમાં તંત્ર સામે રોષની લાગણી વ્યાપી ઉઠી છે. મેઘરજના વૈડી ડેમની કેનાલમાં ગાબડું પડતાં અસંખ્ય વાવણી કરેલ તેમજ વાવણી માટે તૈયાર કરેલ ખેતરોમાં ફરી એકવાર બુધવારે પાણી ફરી વળ્યું છે. ગાંઢા ગામેથી જતી કેનાલમાં સિંચાઈમાટે થોડા દિવસ અગાઉ કેનાલમાં સિંચાઈ માટે પાણી શરુ કરાયું હતું. પરંતુ સમયસર યોગ્ય સાફ સફાઈ અને મરામતના અભાવે કેનાલમાં ગાબડું પડતાં સિંચાઈ વિભાગની હલકી કામગીરી સામે આવી છે. ખેડુતો મોંઘા બિયારણો લાવી ખેતી કરી રહ્યા હોય ત્યાં આવા કેનાલમાં ગાબડા પડવાથી ખેડુતોની તમામ આશાઓ અને મહેનત પર પાણી ફેરવી દીધું છે. આમ ગાંઢા ગામના ખેડુતો બેહાલ બનતાં ભારે રોષ પેદા થયો છે.

## મોડાસા ખાતે કિરાણા સ્ટોર્સના વેપારી દ્વારા

# સૌ પ્રથમ ડિજિટલ બેંકિંગની સુવિધા




મોડાસા, તા.૨

સરકાર કેશલેશ ટ્રાન્જેકશન એટલે કે ડિજિટલ બેંકિંગ તરફ દેશને વાળવાના પ્રયાસમાં મંડી પડી છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા અને મુખ્યત્વે મજુરીયાતવર્ગે લોકોની ગ્રાહકી ધરાવતા કિરાણા સ્ટોર્સના યુવાન વેપારીએ પે-ટીએમ મોબાઈલ એપથી પેમેન્ટ સ્વીકારવાનું શરુ કરીને મોડાસા શહેરમાં ઈ-બેકિંગની સુવિધા ઉભી કરવાની પહેલ કરી છે. જો કે છેલ્લા ૪ દિવસમાં માત્ર ૧૦ લોકોએ આ સુવિધાનો લાભ લેતા હજુ પણ ભારત જેવા દેશમાં ડિજીટલની વાતો અને દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે.

કેન્દ્ર સરકારે રૂ. ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો બંધ કરી પરંતુ રૂ. ૫, ૧૦, ૨૦, ૫૦, અને ૧૦૦ની નોટોની અછતથી ફ્રુટ, શાકભાજી, કરિયાણા, દૂધવાળા વગેરે નાના વેપારીઓ તથા લારી સ્ટોલ ધારકોના ધંધાને માઠી અસર પહોંચી હોવાની બુમરાણો વચ્ચે સરકારે ડિજિટલ બેંકિંગનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે તે દિશામાં હાથ ધરાયેલ પ્રયાસો વચ્ચે મોડાસાના મેઘરજ રોડ પર આવેલા રૂપનારાયણ કિરાણા સ્ટોર્સના યુવાન માલિક ભગીરથ કુમાવતે ધંધો ધમધમતો કરવા ઓનલાન પેટીએમનો સહારો લીધો છે. ભગીરથ કુમાવતના જણાવ્યાનુસાર તેમની કિરાણા સ્ટોર્સની દુકાન પર રોજના ૧૦૦ થી ૧૫૦ જેટલા ગ્રાહકો આવે છે તેમજ મોટા ભાગના ગ્રાહકોમાંથી અડધા જેટલા ગ્રાહકો મજૂરીયાત વર્ગમાંથી આવે છે તેમનો નોટબંધીના પગલે ભારે હાલાકી ભોગવવી પડતી હોવાથી બે આંખોની શરમના પગલે ન છૂટકે ઉધાર ધંધો કરવો પડી રહ્યો છે. ૫ દિવસથી પેટીએમ લગાડયા પછી યુવાનો દ્વારા તેનો ઉપયોગ કરી ખરીદી કરાઈ હતી જયારે આજુબાજુની રહેણાંક સોસાયટી અને મજૂરીયાત લોકોમાં પેટીએમ એ દિવાસ્વપ્ન સમાન છે. સ્થાનિક લોકો યોગ્ય જાણકારીના અભાવે પેટીએમ જેવી પેમેન્ટની ઓનલાઈન સુવિધાનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા હોવાનું અને ૫ દિવસમાં ફકત ૧૦ લોકોએ જ પેટીએમ દ્વારા પેમેન્ટ કર્યાનું સ્વીકાર્યું હતું.

# લાયન્સ કલબ ઓફ મોડાસા દ્વારા વિદ્યાર્થીઓને એઈડસ અંગે માર્ગદર્શન





મોડાસા, તા.૨

લાયન્સ કલબ ઓફ મોડાસા દ્વારા મોડાસા શહેરની અગ્રણી જાણીતી શૈક્ષણિક શાળાઓ મોડાસા હાઈસ્કૂલ અને સર્વોદય હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધો-૧૧ તથા ધો-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને 'વિશ્વ એઈડસ દિવસ' અંતર્ગત ગેપ સંસ્થા અને જિલ્લા આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે એઈડસ કઈ રીતે ફેલાય છે તેને અટકાવવા કઈ રીતે તેનું યોગ્ય માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઈ. એસ. આર. સી. ડી. ઈ.ના એકમ તરીકે કામ કરતી ગેપ સંસ્થા દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી એઈડસ અવેરનેસ એન્ડ પ્રીવેન્શનના વિવિધ કાર્યક્રમો કરી જાગૃતિ લોકોમાં લાવી રહી છે. મોડાસા હાઈસ્કૂલ અને સર્વોદય હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધો-૧૧-૧૨ના વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે 'હેલ્થ અવેરનેસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્મા, ગેપ સંસ્થાના ડાયરેકટર પંકજ પટેલ જોગેન્દ્ર ઉપધ્યાય તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને એઈડસ રોગ કઈ રીતે ફેલાય છે તદઉપરાંત આ રોગને ફેલાતો અટકાવવા તકેદારી માટે કયા પગલા ભરી શકાય તેમજ એઈડસથી પીડાતા બાળકો અને દર્દીઓ સાથે સન્માનપૂર્વક વર્તણુંક કરવા પર વિશેષ ભાર મુકયો હતો. માર્ગદર્શન સેમિનારમાં લાયન્સ કલબ ઓફ મોડાસાના પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશભાઈ જયસ્વાલ, લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પટેલ તેમજ લાયોનેસ પ્રમુખ અન્નપૂર્ણાબહેન, મંત્રી વનીતાબેન ઉપાધ્યાય તથા લાયન્સ કલબ ઓફ મોડાસાની ટીમના સદસ્યો તેમજ સર્વોદય હાઈસ્કૂલના પ્રીન્સીપાલ આર.સી. મહેતા અને મોડાસા હાઈસ્કૂલના આચાર્ય અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર નરેન્દ્ર મોદી બનાસકાંઠાની મુલાકાતે

પાલનપુર, તા.૨

એશિયાની નંબર વન ગણાતી બનાસ ડેરીના ૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ચીઝ અને વ્હે પ્લાન્ટના લોકાર્પણ તેમજ દેશી ગાયના એ-૨ દૂધ અને બનાસ મધના લોન્ચિંગ સાથે જિલ્લામાં અનેકવિધ લોક કલ્યાણની યોજનાઓના શુભારંભ પ્રસંગે ભારત વડાપ્રધાન બન્યા બાદ સૌ પ્રથમવાર નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

તા.૧૦-૧૨-૨૦૧૬ને શનિવારે ૧૧-૦૦ કલાકે ડીસા ખાતે એરોડ્રામ મેદાન પર યોજાનારી જંગી મેદનીને નરેન્દ્ર મોદી સંબોધશે અને અનેક પ્રજાકીય યોજનાઓની જાહેરાત કરીને જિલ્લાના વિકાસમાં નવા પ્રાણ ફૂંકશે.

નરેન્દ્ર મોદીની બનાસકાંઠાની મુલાકાતને લઈને જિલ્લા વહીવટી તંત્રની સાથે સાથે જિલ્લાનું સહકારી પરિવાર પણ તડામાર તૈયારીઓમાં લાગી ગયું છે. રાજ્યના મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આજે બનાસ ડેરી ખાતે બનાસ બેંક અને બનાસ ડેરીના સ્ટાફને જરૂરી માર્ગદર્શન આપીને કાર્યક્રમની તૈયારીઓ શરૂ કરવાની સાથે જિલ્લાના વરિષ્ઠ આગેવાનો સાથે પણ બેઠક યોજીને વડાપ્રધાનની મુલાકાત ઐતિહાસિક સંભારણા તરીકે જિલ્લામાં યાદ રહે તે પ્રમાણેની સમગ્ર જિલ્લામાં ચેતના આવે તેવા કાર્યક્રમોનું આયોજન કરવા સૌને માર્ગદર્શન આપ્યું હતું. આવનારા એક સપ્તાહમાં ગ્રામ સફાઈ અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, ગ્રામ સુશોભન જેવા કાર્યક્રમોથી વડાપ્રધાનશ્રીની મુલાકાત માટે આગોતરું આયોજન થાય અને સમગ્ર જિલ્લામાં વડાપ્રધાનશ્રીના સામૂહિક સ્વાગતની તૈયારી થાય તે માટે વિવિધ આયોજન અંગે ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે દેશના પ્રધાનમંત્રી અને સૌ ભારતવાસીઓના હદય સમ્રાટ, ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્ર મોદી હરહંમેશ બનાસકાંઠા જિલ્લાની ચિંતા કરતા રહ્યા છે. જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે બનાસકાંઠાની અવારનવાર મુલાકાત લઈ જિલ્લાના વિકાસમાં સતત માર્ગદર્શક અને સહભાગી રહ્યા. મોદીના અથાગ પ્રયાસોથી બનાસની ધરતી ઉપર નર્મદા નીર વહ્યા. જેના પરિણામે જિલ્લાના ખેડૂતોની આર્થિક અને સામાજિક સમૃદ્ધિમાં અનેક ગણો વધારો થયો.

મોદી ને પ્રધાનમંત્રી તરીકે સાંભળવા બનાસવાસીઓ થનગની રહ્યા છે અને બનાસકાંઠાની ધરતી ઉપર શ્રી નરેન્દ્રભાઈનું ઉમળકાભેર સ્વાગત કરી દેશનો આ સરહદી જિલ્લો વર્તમાન પરિસ્થિતિમાં ખભેખભો મિલાવીને તેમની પડખે ઉભો છે તેવો અહેસાસ કરાવશે. વડાપ્રધાન શ્રીની પ્રથમ મુલાકાતને લઈને સમગ્ર જિલ્લામાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ ઉભું થયું છે.

જયારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બનાસની ધરતી પર બનાસ ડેરીના માધ્યમથી આવી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી આ કાર્યક્રમની સફળતા માટે સહયોગી બની કામે લાગેલ છે. આજે જિલ્લા પંચાયત બેઠકોના ઈન્ચાર્જો, તાલુકા/શહેર પ્રભારીઓ, તાલુકા/શહેર પ્રમુખો અને મહામંત્રીઓ સહીત ચૂંટાયેલ પાંખના હોદેદારો અને સંગઠનના કાર્યકરોની બેઠક યોજવામાં આવી જેમાં શંકરભાઈ ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું. જંગી જનમેદનીને ઉમટી પડવા જિલ્લા ભાજપા પ્રમુખ કેશાજી ચૌહાણે હાકલ કરી હતી અને જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડયાએ સુચારુ આયોજન અને વ્યવસ્થા ગોઠવી હતી. ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ પણ કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા.

# પ્રાંતિજ શ્રી કલોથ એન્ડ રેડીમેઈડ એસો.ના હોદેદારોની સર્વાનુમતે વરણી

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી કલોથ એન્ડ રેડીમેઈડ એસોસીયેશનની વાર્ષિક સાધારણ મિર્ટીગ તા.૩૦/૧૧/૨૦૧૬ બુધવાર ના રોજ દિલીપભાઈ કોઠારીની અધ્યક્ષતામાં મળી હતી જેમાં પ્રમુખ સહિતના હોદેદારોની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે શાહ ભરતભાઈ રમણલાલ ઉપપ્રમુખ ભાવસાર અશોકકુમાર ચંદુલાલ મંત્રી તરીકે શાહ રાજેશકુમાર ચંદુલાલ સહમંત્રી શાહ સંદીપકુમાર સુરેશચંદ્ર અને ખજાનચી તરીકે ભાવસાર રમેશચંદ્ર ડાહ્યાલાલની નિમણુક કરવામાં આવી છે.